Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-3, December-2023
www.researchguru.net

# મોઢેરામાં આવેલા જળ સ્થાપત્યો

ડૉ.કનૈયાલાલ નાયક
પ્રોફેસર, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

પ્રજાપતિ વિપુલકુમાર જગજીવનભાઈ
(પીએચ.ડી. રીસર્ચ સ્કોલર)
ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત
વિદ્યાપીઠ, અમદાવાદ.

***સારાંશ :***

*ગુજરાતના મહેસાણા જિલ્લાના મોઢેરામાં આવેલું સૂર્યમંદિર જગ વિખ્યાત છે. જે મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મહેસાણાથી ૨૬ કિ.મી. ના અંતરે એક વિશાળ ટેકરા ઉપર આવેલું છે. મોઢેરા ગામ વિવિધ સ્થાપત્યો ધરાવે છે. સૂર્યમંદિરના ગર્ભગૃહ પાસે આવેલા શિલાલેખમાં ઇ.સ. ૧૦૨૭નો ઉલ્લેખ જોવા મળે છે. જે ભીમદેવના રાજયકાળના સમયમાં આ મંદિરનું બાંધકામ કરવામાં આવેલું હશે તે આ શિલાલેખ ઉપરથી સ્પષ્ટ થાય છે. પુરાતનયુગમાં આ મોઢેરા આસપાસના વિસ્તારને ધર્મારણ્ય કહેવામાં આવતો હતો. મોઢેરાના અન્ય નામો પણ છે. ધાર્મિક ગ્રંથોમાં થયેલા ઉલ્લેખ પ્રમાણે સતયુગમાં મોહરકપુર, ત્રેતાયુગમાં આ સ્થળ સત્યમંદિર, દ્વાપરયુગમાં વેદભુવન અને કળિયુગમાં મોઢેરા તરીકે ઓળખાય છે.*

***ચાવીરૂપ શબ્દો :***

*ભદ્રા, વાવ, જયમુકુટ, સૂર્યકુંડ, મોઢેરા, કુંડ, શેષશાયી*

**પ્રસ્તાવના:**

ભારતવર્ષમાં પ્રાચીનકાળમાં નદી, તળાવ, વાવ, કુવા અને કુંડની આગવી સંસ્કૃતિ વિકાસ પામી હતી. જેને કારણે દુષ્કાળના વર્ષોમાં પણ જનજીવન સરળતાથી ધબકતું રહેતુ હતું. પાણીની જરૂરિયાતોને સંતોષવા માટે નગરો અને ગામડાંઓમાં તળાવ, કુંડ, વાવ અને કુવા વગેરે જેવા જળસ્થાપત્યોનું નિર્માણ કરવામાં આવતું હતું. જળ સ્થાપત્યોનું બાંધકામ ઘણું જ ખર્ચાળ હોવાથી મોટેભાગે રાજા-મહારાજાઓ, રાણીઓ, ધનિકો અને શ્રેષ્ઠીઓ જ તેનું બાંધકામ કરાવતા હતા. મોઢેરામાં પણ આવા જ વિવિધ પ્રકારના જળ સ્થાપત્યોનું નિર્માણ કરવામાં આવેલુ છે. જેની વિશેષતાઓ નીચે પ્રમાણે છે.

**(૧) સૂર્યકૂંડ મોઢેરા**

કુંડ એ સ્થાપત્યની દ્રષ્ટિએ વિશિષ્ટ પ્રકારનું બાંધકામ છે. કુંડની મધ્યમાં એટલે કે છેક તળિયે કૂવો આવેલો હોય છે. આ કૂવામાં પહોંચવા માટે ચારે બાજુએથી સમચોરસ, લંબચોરસ કે વૃત્તાકાર પગથિયાં બાંધવામાં આવે છે. તોરણોની સાથે મંદિરના ભાગ તરીકે અને પૂજા વિધિમાં સહેતુક સહાયરૂપ થઇ શકે તે માટે પાણીના કુંડ બનાવવામાં આવતા હતા. આ કુંડ ચોરસ, લંબચોરસ, ભદ્ર(અષ્ટકોણ) વગેરે આકારના

બનાવવામાં આવતા. આકારની દ્રષ્ટીએ તેના ભદ્ર, સુભદ્ર, નંદ, અને પરિઘ એમ ચાર પ્રકારો પડે છે. તેની ચારે બાજુ દેવાયતનો રહેતા અને મંદિરના સમગ્ર વાતાવરણને સુરુચિકર બનાવતા. એટલું જ નહીં પરંતુ તેનું આગવું સ્થાપત્ય પણ ધરાવતાં હતાં. મોઢેરામાં પણ આવો કુંડ આવેલો છે. જે પોતાની ખાસિયતોને લીધે ખ્યાતિ પામ્યો છે.

મોઢેરામાં આવેલું સૂર્યમંદિર વિવિધ ભાગોમાં વહેચાયેલું છે. મંદિરની શરૂઆતના ભાગમાં એક વિશાળ સ્નાન કૂંડ આવેલો છે. સૂર્યમંદિરની સામે આવેલાં કુંડને રામકુંડ[1] કે સૂર્યકુંડ તરીકે ઓળખવામાં આવે છે. મંદિરમાં દર્શન કરવા જતાં પહેલા દર્શનાર્થી આ કૂંડમાં સ્નાન કરી શકે એવી વ્યવસ્થા અહી ગોઠવવામાં આવેલી છે. આ કુંડ જોકે હાલમાં ઘણો તૂટી ગયો છે. પણ મૂળ આ કુંડ સંપૂર્ણકુંડના સર્વલક્ષણો વાળો હતો. સમગ્ર કુંડ અને તેની આસપાસનો જમીન વિસ્તાર પથ્થર વડે આચ્છદિત કરેલો છે. આ કુંડ લંબચોરસ ઘાટનો છે જે ઉત્તરથી દક્ષિણ તરફ આશરે ૧૭૬ ફૂટ અને પૂર્વથી પશ્ચિમ તરફ ૧૨૦ ફૂટ લાંબો[2] આ કુંડ ભારતના ઉત્તમોત્તમ કુંડમાંનો એક છે. તેનું મુખ્ય પ્રવેશદ્વાર પશ્ચિમ બાજુએ આવેલું છે. હિન્દુ ધર્મમાં જાપ માટે ૧૦૮ મણકાની માળા હોય તે રીતે આ કૂંડની અંદર ચોતરફ નાના-નાના ૧૦૮ મંદિરો આવેલા છે. કૂંડની અંદર પગથિયાં મારફત ૧૫ ફૂટ નીચે ઉતર્યા પછી ચારેય બાજુએ ચાર મોટા વૈષ્ણવ મંદિરો આવેલા છે. જેમાં ઉત્તર દિશામાં દક્ષિણની નટરાજની મૂર્તિની સ્પર્ધા કરી શકે એવી નટરાજની મૂર્તિ જોઈ શકાય છે. દક્ષિણ દિશામાં શીતળા માતાનું મંદિર, પૂર્વ દિશામાં શેષશાયી વિષ્ણુંનું મંદિર અને ભગવાનની મૂર્તિ[3] નજરે પડે છે. ખારા પથ્થરમાંથી કોતરેલી આ મૂર્તિ ખૂબ જ સુંદર છે. કુંડની પશ્ચિમ દિશામાં વૈષ્ણવ સંપ્રદાયની વિવિધ મૂર્તિઓની સાથે ગણપતિની મૂર્તિઓ સ્થાપિત છે. કુંડની ચારેય દિશામાં આવેલા ચાર મંદિરો પૈકી બે મંદિર ભગ્ન અવસ્થામાં છે.

સૂર્યકુંડના પ્રથમ પડથારના પશ્ચિમ બાજુના એક ગવાક્ષમાં એન્દ્રીની પ્રતિમા આવેલી છે. અહીં દેવી ત્રિભંગમાં ઉભેલ છે. મસ્તકની બન્ને બાજુએ મકરમુખનું આલેખન કરવામાં આવેલું છે. આ કુંડના બીજા

---

[1] ડૉ.આચાર્ય, નવીનચંદ્ર.એ, ગુજરાતના ધર્મસંપ્રદાય, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૩, પૃ-૮૫

[2] Sankaliya, Hasmukh. D, The Archaeology of Gujarat, Natwarlal & Co. Publishers, Bombay, First Edition, 1941, P-70

[3] શાસ્ત્રી, દુર્ગાશંકર.કે, ઐતિહાસિક સંશોધન, ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમઆવૃત્તિ, ૧૯૪૧, પૃ-૬૫૦-૬૫૧

પડથારના ઉત્તર તરફના ગવાક્ષમાં એન્દ્રીની ષડભૂજ પ્રતિમા આવેલી છે. દેવીના મસ્તકે જયમુકુટ છે. મસ્તકની બન્ને બાજુએ માલધારો ઉડતા નજરે પડે છે. સૂર્યકુંડના ત્રીજા પડથારમાં પશ્ચિમ બાજુના એક ગવાક્ષમાં બ્રાહ્મીની પ્રતિમા છે. દેવી લલિતાસનમાં બેઠેલા છે. દેવીને ત્રણ મુખ છે. ત્રણેય મસ્તક પર જયમુકુટ છે. આ ત્રણેય પ્રતિમાઓ ૧૧મી સદીની હોય તેમ લાગેછે. આ કુંડના કાંઠા પર ઘણાં મંદિરોના ભગ્ન અવશેષો નજરે પડે છે. આ ભગ્ન અવશેષો જોતાં કુંડની એક કાંઠે સૂર્યમંદિર અને બીજે કાંઠે દેવ-દેવીઓનાં આઠેક મંદિરો બંધાયાં હશે એવુ અનુમાન લગાવી શકાય છે. એ જ રીતે પગથિયાં ઊતરતાં ગોખલાઓમાં વિષ્ણુની તેમજ બીજી ૧૧૮ જુદી-જુદી મૂર્તિઓ જોઈ શકાય છે. સૂર્ય કૂંડમાંથી ઉપર ચડતાં બે વિશાળ સ્તંભ દશ્યમાન થાય છે. આ સ્તંભ કિર્તી સ્તંભ તરીકે ઓળખાય છે. કિર્તી સ્તંભથી આગળ વધતા બાવન સ્તંભ ઉપર સ્થિત સભામંડપ આવેલો છે જેને નૃત્ય મંડપ તરીકે પણ ઓળખવામાં આવે છે. સૂર્યમંદિર અને કુંડની રચના એવી રીતે કરવામાં આવેલી છે કે, ઉગતા સૂર્યના પહેલાં કિરણો મંદિરમાં મુખ્ય પ્રતિમાના ચરણોમાં પડે, ત્યારબાદ કિરણો કુંડના પાણી પર પડતાં આખું મંદિર પ્રકાશથી શોભી ઉઠતું. મંદિર તથા કુંડનું ચણતરકામ ચૂનો વાપર્યા વગર કરેલું છે. પરંપરા પ્રમાણે શ્રાવણ વદ અમાસના રોજ મોઢેરાના સૂર્ય મંદિરમાં પણ લોકમેળો આયોજિત થતો હતો અને લોકો આ મેળામાં આવીને સૂર્ય કૂંડમાં પવિત્ર સ્નાનનો લાભ મેળવતાં હતા. હાલમાં કુંડમાં બિલકુલ પાણી નથી. આ કુંડની રચના જોઇને પ્રસિદ્ધ પુરાવિદ બર્જેસે તર્ક કરેલો કે સહસ્ત્રલિંગ તળાવની રચનાનો ખ્યાલ કદાચ આ કુંડને જોઇને એના બાંધનારાઓને થયો હશે.[4]

**(૨) મોઢેરાની પ્રાચીન વાવ**

ગુજરાતનું વાવસ્થાપત્ય વિશિષ્ટ પ્રકારનું છે. એટલું જ નહીં પરંતુ તેની સાર્થકતા હજુ સુધી સિદ્ધ થયા કરે છે. વાવને સંસ્કૃત ભાષામાં वापिका, અંગ્રેજીમાં Stepwell અને હિંદીમાં बावड़ी કે बावली તરીકે ઓળખવામાં આવે છે. આ વાવો મોટેભાગે ગામની ભાગોળે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બાંધવામાં આવતી. તેમાં માનકૂવા ઉપરાંત પગથિયાં દ્વારા છેક પાણી સુધી પહોંચવાનું આયોજન હોય છે. આ ભાગને મંડપથી અલંકૃત કરવામાં આવે છે.[5] તેમાં ધોમધખતા તાપમાં આરામ લેવાની વ્યવસ્થા હોય છે તેમજ ઢોરને પાણી

---

4 પરીખ, ર.છો, શાસ્ત્રી, હ.ગં, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૪ સોલંકીકાલ, ભો.જે.અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આવૃત્તિ, ૧૯૭૬, પૃ-૪૨૨

5 શ્રી દિલ્હી ગુજરાતી સમાજ, હિરક જ્યંતિ મહોત્સવ, ૧૮૯૭-૧૯૬૭, સ્મૃતિગ્રંથ, ઉદ્યોગશાળા પ્રેસ, કિંગ્સવે, દિલ્હી, ૧૯૬૮, પૃ-૪૪

પીવડાવી શકાય તેવી વ્યવસ્થા પણ હોય છે.

વાવ એ પગથિયાંવાળો કૂવો છે. એમાં એક છેડે કૂવો આવેલો હોય છે. એમાં ઉપરથી ગરગડી અને દોરડા વડે પાણી ભરી શકાય પરંતુ આ સગવડ ન હોય તો મુસાફરો તથા સ્થાનિક લોકો પગથિયાં વડે નીચે ઉતરી કૂવાના જળની સપાટી સુધી પહોંચી શકે તેવા પગથિયાં તથા વચ્ચે પડથારોનું બાંધકામ કરવામાં આવતું. પડથારોની બંને બાજૂની દિવાલોમાં તેમજ ગોખલાઓમાં દેવ-દેવીઓની પ્રતિમાઓ તથા વિવિધ સુશોભનાત્મક શિલ્પો કંડારવામાં આવતાં. વાવના પગથિયાંને એક, બે, ત્રણ કે ચાર મુખ અને ત્રણ, છ, નવ કે બાર મજલા હોય છે. એના આધારે એને એકમુખી નંદા, દ્વિમુખી ભદ્રા, ત્રિમુખી જયા, ચર્તુમુખી વિજયા આ પ્રમાણે વાવનાં સ્વરૂપો બતાવ્યા છે. મહેસાણા જિલ્લો વાવની બાબતમાં ખૂબજ વિવિધતા ધરાવે છે.

મોઢેરામાંથી ઈ.સ.ની નવમી અને દસમી સદીની એક અતિપ્રાચીન વાવ મળી આવી છે. મોઢેરાના સૂર્યમંદિર તરફ જવાના રસ્તે મુખ્ય માર્ગને અડીને આવેલી આ પથ્થર નિર્મિત વાવ એક પ્રવેશદ્વાર ધરાવતી ત્રિકુટા નંદા પ્રકારની વાવ છે. જે સૂર્યમંદિર કરતાં પણ ઘણી પ્રાચીન હોવાનું મનાય છે. આ વાવ એક પ્રવેશદ્વાર અને ત્રણ મજલા ધરાવે છે. ખંડ મજલાવાળી નાળારી વાવનો આ એક પ્રારંભિક નાનકડો પણ મહત્વપૂર્ણ નમૂનો છે. તેમાં એની સાંકડી નાળની વચ્ચે ખંડ કાઢી એના પર કૂટી (કોટડી) બનાવેલી છે.[6] વાવના કૂવાની દિવાલોના ઉપરના ભાગે કૂલવેલ ભૌમિતિક ભાતથી અલંકૃત મહેલોની રચના કરવામાં આવી છે. આ વાવની ઊંડાઈ લગભગ ૪૦ ફૂટ જેટલી છે. આ પ્રાચીન વાવ અલંકરણની દ્રષ્ટિએ ઉત્કૃષ્ટ નમૂનો છે. વાવની આસ-પાસ મોટી મહાકાય શિલાઓ અને સ્તંભોના તૂટેલા અવશેષો જોવા મળે છે. તેને રાજ્ય સરકારના પુરાતત્વ ખાતા દ્વારા રક્ષિત સ્મારક તરીકે ઘોષિત કરવામાં આવી છે.

**(3) પ્રાચીન તળાવ મોઢેરા**

મંદિરની પૂર્વ તરફ એક નાનકડું તળાવ આવેલું છે. કાચા પથ્થરના નકશીકામથી તૈયાર થયેલું આ તળાવ પણ સોલંકી વંશના પૂર્વજો દ્વારા બાંધવામાં આવેલું છે. સૂર્યમંદિરની સમાંતર રેખા ઉપર તળાવના મધ્ય ભાગમાં એક સ્થાપત્ય આવેલું છે જેને સ્થાનિક રહેવાસીઓ રાયડી હવામહલ તરીકે ઓળખે છે.[7] દંતકથા પ્રમાણે સોલંકી વંશના સૂર્યવંશી રાજા

---

[6] ડૉ.પાઠક, રમણલાલ.ડી, ગુજરાતનાં જળાશયો, પ્રાચ્યવિદ્યામંદિર, મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭, પૃ-૧૭૮

[7] રૂબરૂ મુલાકાત, તકતી લેખ, રાયડી મહેલ, મોઢેરા, તા.૨૦/૦૨/૨૦૨૩

ભીમદેવ આ મહેલમાં બિરાજમાન થઇને સૂર્ય મૂર્તિના દર્શન કરતા હતા.

મોઢેરાના જળ સ્થાપત્યો સ્થાપત્યના દ્રષ્ટિકોણથી ઉચ્ચકોટિના બેજોડ નમૂનાઓ છે. ભારતવર્ષની ભાતીગળ સંસ્કૃતિથી છલકતાં આવા જળ સ્થાપત્યો આપણા ભવ્ય ભૂતકાળની યાદગીરી સમાન છે.